# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : તત્ત્વજ્ઞાન

## પ્રથમ પરીક્ષા

## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 15 | 15 | 10 | 05 | 05 | 50 |
| ટકા (%) | 30 | 30 | 20 | 10 | 10 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | **27** | **34** | **50** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | તર્કશાસ્ત્રની સમજ | 17 |
| 2. | પરંપરાગત તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વિધાનો | 16 |
| 3. | અમધ્યપદી અનુમાન | 17 |
| | કુલ | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : તત્ત્વજ્ઞાન

## પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 સુધીના બહુ વિકલ્પ પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો ગુણ 01 ગુણ છે.)** | 10 |
| | વિભાગ - B | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ છે.)** | 05 |
| | વિભાગ - C | |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 23 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ (પાંચ) 05 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 02 ગુણ છે.)** | 10 |
| | વિભાગ - D | |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 24 થી 31 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ(05) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 3 ગુણ છે.)**<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડીનો મૂકવો. | 15 |
| | વિભાગ - E | |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ બે(02) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 5 ગુણ છે.)**<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડીનો મૂકવો.<br>(જો આકૃતિવાળો પ્રશ્ન મૂકેલ હોય તો દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે આકૃતિવાળા પ્રશ્નની અથવામાં એક પ્રશ્ન ફરજિયાત મૂકવો) | 10 |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) પ્રથમ પરીક્ષામાં જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ પૂછવાનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : તત્ત્વજ્ઞાન

## દ્વિતીય પરીક્ષા

## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક    કુલ ગુણ : 50

---

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

---

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 15 | 15 | 10 | 05 | 05 | 50 |
| ટકા (%) | 30 | 30 | 20 | 10 | 10 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | **27** | **34** | **50** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | તર્કશાસ્ત્રની સમજ | 04 |
| 2. | પરંપરાગત તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વિધાનો | 07 |
| 3. | અમધ્યપદી અનુમાન | 04 |
| 4. | અર્વાચીન તર્કશાસ્ત્રની દૃષ્ટિએ સંયુક્ત વિધાનો | 12 |
| 5. | જટિલ સંયુક્ત વિધાનો | 11 |
| 6. | તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ | 04 |
| 7. | દર્શનશાસ્ત્ર | 08 |
| | કુલ | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : તત્ત્વજ્ઞાન

## દ્વિતીય પરીક્ષા

## પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | કુલ ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | |
| 1 થી 10 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 10 સુધીના બહુ વિકલ્પ પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (**દરેક પ્રશ્નનો 01 ગુણ છે**) | 10 |
| | વિભાગ - B | |
| 11 થી 15 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 11 થી 15 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (**દરેક પ્રશ્નનો 01 ગુણ**) | 05 |
| | વિભાગ - C | |
| 16 થી 23 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 16 થી 23 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ (પાંચ)05 પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **દરેક પ્રશ્નના** 02 ગુણ છે.) | 10 |
| | વિભાગ - D | |
| 24 થી 31 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 24 થી 31 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ પાંચ(05) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. (**દરેક પ્રશ્નના 3 ગુણ છે.**)<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડીનો મૂકવો. | 15 |
| | વિભાગ - E | |
| 32 થી 34 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 32 થી 34 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ બે(02) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. (**દરેક પ્રશ્નના 5 ગુણ છે.**)<br>**નોંધ :** વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછેલ કેસસ્ટડી આધારિત પ્રશ્ન મુજબ એક પ્રશ્ન કેસસ્ટડીનો મૂકવો.<br>(જો આકૃતિવાળો પ્રશ્ન મૂકેલ હોય તો દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે આકૃતિવાળા પ્રશ્નની અથવામાં એક પ્રશ્ન ફરજિયાત મૂકવો.) | 10 |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : તત્ત્વજ્ઞાન

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** કુલ ગુણ : 80

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 25 | 25 | 10 | 10 | 10 | 80 |
| ટકા(%) | 31.25 | 31.25 | 12.50 | 12.50 | 12.50 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 4. | વિસ્તૃતજવાબી પ્રશ્નો (LA) | 03 | 05 | 15 |
| | કુલ | **44** | **53** | **80** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે |
| 1. | તર્કશાસ્ત્રની સમજ | 08 | 13 |
| 2. | પરંપરાગત તર્કશાસ્ત્રની દૃષ્ટિએ વિધાનો | 12 | 12 |
| 3. | અમધ્યપદી અનુમાન | 09 | 09 |
| 4. | અર્વાચીન તર્કશાસ્ત્રની દૃષ્ટિએ સંયુક્ત વિધાનો | 12 | 17 |
| 5. | જટિલ સંયુક્ત વિધાનો | 10 | 15 |
| 6. | તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ | 05 | 05 |
| 7. | દર્શનશાસ્ત્ર | 07 | 12 |
| 8. | જગતનું સ્વરૂપ | 05 | 07 |
| 9. | જીવાત્માનું સ્વરૂપ | 07 | 10 |
| 10. | ઈશ્વર | 05 | 07 |
| | કુલ | **80** | **107** |

નોંધ : ઉપરોક્ત પત્રકમાં દર્શાવેલ જનરલ વિકલ્પ સાથેના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર મુજબના છે. અન્ય પ્રશ્નપત્ર માટે તે અલગ હોઈ શકે છે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : તત્ત્વજ્ઞાન

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** કુલ ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | વિભાગ - A | |
| 1 થી 16 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 1 થી 16 સુધીના બહુ વિકલ્પ પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ છે.)** | 16 |
| | વિભાગ - B | |
| 17 થી 24 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ છે.)** | 08 |
| | વિભાગ - C | |
| 25 થી 38 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 25 થી 38 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 02 ગુણ છે.)** | 20 |
| | વિભાગ - D | |
| 39 થી 48 | નીચે આપેલા પ્રશ્ન ક્રમાંક 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 07 (સાત) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 3 ગુણ છે.)**<br>**નોંધ : કેસસ્ટડી આધારિત એક પ્રશ્ન મૂકવો.** | 21 |
| | વિભાગ - E | |
| 49 થી 53 | નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 03(ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર જવાબ લખો. **(દરેક પ્રશ્નનો 5 ગુણ છે.)**<br>**નોંધ : કેસસ્ટડી આધારિત એક પ્રશ્ન મૂકવો.**<br>(જો આકૃતિવાળો પ્રશ્ન મુકેલ હોય તો દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે આકૃતિવાળા પ્રશ્નની અથવામાં એક પ્રશ્ન ફરજિયાત મૂકવો.) | 15 |
| | કુલ ગુણ | 80 |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : તત્ત્વજ્ઞાન (136)
## વાર્ષિક પરીક્ષા
## નમૂનાનું પ્રશ્નપત્ર

સમય : 3 કલાક　　　　　　　　　　　　કુલ ગુણ : 80

સૂચનાઓ :

1. આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ વિભાગ અને 53 પ્રશ્ન છે.
2. પ્રશ્નની સામે લખેલ અંક ગુણ દર્શાવે છે.
3. પ્રશ્નની સૂચના પ્રમાણે જવાબ લખો.
4. નવો વિભાગ નવા પાના ઉપર લખવો.

### વિભાગ : A

- **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 01 થી 16 સુધીના બહુવિકલ્પ પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો. (દરેક પ્રશ્નનો 01 ગુણ)** **[16]**

**1.** દલીલમાં આધાર વિધાનની સંખ્યા કેટલી હોય છે ?

(A) એક　　(B) બે

(C) એક કે તેથી વધુ　　(D) એક કરતાં વધુ

**2.** ધોરણ-10નું પરિણામ આવતા 'વિદ્યાર્થી મનોમંથન કરે છે કે મારે કઈ શાખામાં પ્રવેશ મેળવવો જોઈએ ? આ પ્રશ્નમાં કઈ માનસિક ક્રિયાનો સમાવેશ થાય છે.

(A) આધારવિધાન　　(B) વિચારણા

(C) તાર્કિક વિચારણા　　(D) ફલિતવિધાન

**3.** 'ગાંધીજી રાષ્ટ્રપિતા છે' → આ કેવા પ્રકારનું વિધાન છે.

(A) ના　　(B) ન

(C) હ　　(D) હા

**4.** માન્યરૂપવાળા નિરૂપાધિક વિધાનની રજૂઆતનો સાચો ક્રમ જણાવો.

(A) ઉદ્દેશ્યપદ, વિધેયપદ, સંયોજક, ઈયત્તા　　(B) સંયોજક, વિધેયપદ, ઉદ્દેશ્યપદ, ઈયત્તા

(C) ઈયત્તા, ઉદ્દેશ્યપદ, વિધેયપદ, સંયોજક　　(D) ઈયત્તા, સંયોજક, વિધેયપદ, ઉદ્દેશ્યપદ

**5.** સમાન પદ ધરાવતા 'હા' અને ના વચ્ચે કેવા પ્રકારનો વિરોધ છે ?

(A) અંશ વિરોધ　　(B) ઉપવિરોધ

(C) આશ્રયાશ્રિત વિરોધ　　(D) પૂર્ણ વિરોધ

**6.** નીચેમાંથી કયુ જોડકું આશ્રયાશ્રિત વિરોધી વિધાનનું નથી.

(A) હા-હ　　(B) ના-હા

(C) હ-હા　　(D) ન-ના

7. 'કીડીને કણ અને હાથીને મણ' કેવા પ્રકારનું સંયુક્ત વિધાન છે ?

(A) શરતી વિધાન (B) વૈકલ્પિક વિધાન

(C) દ્વિશરતી વિધાન (D) સામુચ્ચયિક વિધાન

8. "……… ને વસ્તુગત રીતે સમમુલ્ય ………"એ વિધાનનું વાચન પ્રતીક શું છે ?

(A) '$\rightarrow$' (B) '$\leftrightarrow$'

(C) '&' (D) '~'

9. 'PV ~ P'ના સત્યતા કોષ્ટકમાં કેટલા આદ્યસ્તંભો આવે છે ?

(A) બે (B) ત્રણ

(C) ચાર (D) એક

10. કયો વિષય માનવને સત્યમય જીવન જીવતાં શીખવે છે ?

(A) વિજ્ઞાન (B) તર્કશાસ્ત્ર

(C) તત્ત્વજ્ઞાન (D) સૌંદર્યશાસ્ત્ર

11. નીચેનામાંથી કયું દર્શન અનુમાન પ્રમાણને સ્વીકારતું નથી.

(A) ન્યાયદર્શન (B) બૌદ્ધ

(C) ચાર્વાક (D) સાંખ્ય

12. સમગ્ર જગતનું ઉપાદાનકારણ કયું છે ?

(A) પ્રકૃતિ (B) જીવ

(C) ઈશ્વર (D) પુરુષ

13. જીવાત્માનું સૂક્ષ્મ શરીર કુલ કેટલા તત્ત્વોનું બનેલું છે ?

(A) બે (B) ચાર

(C) પાંચ (D) ઓગણીસ

14. 'રાજુ સવારે ઊઠીને તેના માતા-પિતાને વંદન કરે છે' - આ કયા પ્રકારનું કર્મ છે.

(A) કાયિક (B) વાચિક

(C) માનસિક (D) વૈચારિક

15. જગતના પ્રત્યેક જીવનું અંતિમ લક્ષ્ય કયું છે ?

(A) ધર્મ (B) અર્થ

(C) કામ (D) મોક્ષ

16. 'ઈશ્વર કોને પોતાના સંદેશાવાહક તરીકે મોકલીને ધર્મના સંસ્થાપનનું કાર્ય કરે છે ?'

(A) આત્મા (B) મુક્તાત્મા

(C) જીવાત્મા (D) ભક્ત

## વિભાગ : B

- **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 17 થી 24 સુધીના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો. (દરેક પ્રશ્નનો 01 ગુણ છે.)** **[08]**

**17.** હિના હોશિયાર વિદ્યાર્થિની છે. કારણ કે હિના એસ.એસ.સી. બોર્ડમાં પ્રથમ નંબરે પાસ થઈ છે. આ દલીલમાં ફલિત વિધાન ઓળખાવો.

**18.** કેવા પ્રકારના વિધાનમાં બન્ને પદો વ્યાપ્ત હોય છે ?

**19.** અર્વાચીન તર્કશાસ્ત્રને પ્રાતીક તર્કશાસ્ત્ર શા માટે કહેવામાં આવે છે ?

**20.** $\sim A \rightarrow \sim B$નાં સત્યતા કોષ્ટકમાં કેટલી હરોળ હોય છે ?

**21.** "અણુ સ્વંય ગતિશીલ છે કે તેની ગતિ પૂર્વ નિશ્ચિત છે" ? આ પ્રશ્ન વિજ્ઞાનનો છે કે તત્ત્વજ્ઞાનનો તે જણાવો.

**22.** ન્યાય દર્શન કેટલા પ્રમાણોને સ્વીકારે છે ?

**23.** પ્રકાશ અને જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે કયા ગુણની વૃદ્ધિ થાય છે ?

**24.** જીવાત્માનું મૂળ સ્વરૂપ કેવું છે ?

## વિભાગ : C

- **નીચે આપેલ પ્રશ્નક્રમાંક 25 થી 38 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ દસ (10) પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો. (દરેક પ્રશ્નના 02 ગુણ છે.)** **[20]**

**25.** નીચે આપેલ દલીલનું રૂપ જણાવી તેનું પ્રામાણ્ય લખો.

1. સર્વ ફળો તાજા છે.
2. સર્વ ફૂલો તાજા છે.

∴ સર્વ ફૂલો ફળો છે.

**26.** નીચે આપેલા વિધાનના ઉદ્દેશ્યપદ અને વિધેયપદ ઓળખાવો.

- કોઈપણ માણસ અમર નથી.

**27.** નીચે આપેલા નિરૂપાધિક વિધાનના પ્રકાર જણાવી પદોની વ્યાપ્તિ જણાવો.

- કેટલાક સંતો પૂજનીય વ્યક્તિ છે.

**28.** નીચે આપેલા વિધાનનું પ્રતિવિધાન અને પરિવર્તન વિધાન લખો.

- સર્વ નાગરિકો નિષ્ઠાવાન વ્યક્તિઓ છે.

**29.** વિધાનનો વિરોધ એટલે શું ? તેના પ્રકારો જણાવો.

**30.** "$\leftrightarrow$"નો સત્યતાકોષ્ટક રચો.

**31.** નીચે આપેલા સંયુક્ત વિધાનનો પ્રકાર ઓળખી પ્રાતીક રજૂઆત કરો.

- જો તમે સારું ભણશો તો તમને સારી નોકરી મળશે.

**32.** તાર્કિક કારકો કેટલા છે ? કયા-કયા ?

33. નીચે આપેલા પ્રત્યેક વિધાનની સામે તેનો પ્રકાર દર્શાવ્યો છે, તે મુજબ કૌંસ ઉમેરો.

1. શરતી વિધાન – $P \to Q$ & R

2. સમુચ્ચય વિધાન – AVM & $R \to S$

34. બૌદ્ધ દર્શન કયા ચાર આર્યસત્યો સ્વીકારે છે ?

35. પાંચ મહાભૂતોના નામ જણાવો ?

36. વાચિક કર્મ કોને કહેવાય ? તેના ઉદાહરણ લખો.

37. જીવાત્માનાં શરીરો કેટલા પ્રકારના છે ? કયા-કયા ?

38. ઈશ્વરના જગત સાથેના સંબંધ અંગેના સિદ્ધાંતો જણાવો.

## વિભાગ : D

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ સાત (07) પ્રશ્નોના મુદ્દાસર લખો :** **[21]**

**(દરેક પ્રશ્નના 3 ગુણ છે)**

39. નીચે આપેલ પ્રત્યેક દલીલનું આધાર વિધાન અને ફલિતવિધાન ઓળખો.

1. (i) આધુનિક યુગમાં વાહનોનો બેફામ ઉપયોગ થાય છે. પરિણામે (ii) પર્યાવરણ પ્રદૂષિત થાય છે.

2. (i) દરિયામાં ભરતી આવશે. કારણ કે (ii) આજે પૂનમ છે.

3. (i) આજે વરસાદ આવશે. કેમ કે (ii) આકાશમાં એ પ્રકારના વાદળો છે.

40. નીચે આપેલ વિધાનનું આશ્રયાશ્રિત વિરોધી, અંશ વિરોધી કે ઉપવિરોધી અને પૂર્ણવિરોધી વિધાનો લખો.

- સર્વ સંતો પરોપકારી વ્યક્તિઓ છે.

41. નીચે આપેલા ફકરા પરથી માંગ્યા મુજબ પ્રશ્નોના જવાબ આપો. **(કેસસ્ટડી આધારિત પ્રશ્ન)**

તર્કશાસ્ત્રની પ્રાતીક ભાષામાં આવતા પ્રતીકો બે પ્રકારના છે :

(1) વિધાનપરક અચલ અને (2) વિધાનપરક પરિવર્તી, વિધાનપરક અચલ એટલે અમુક નિશ્ચિત વિધાન માટે વાપરવામાં આવતું પ્રતીક. A,B,C,D વગેરે કેપિટલ અક્ષરો વિધાન પર અચલો તરીકે પ્રયોજાતા પ્રતીકો છે. અમુક નિશ્ચિત વિધાનની પ્રાતીક રજૂઆત કરવા માટે વિધાનપરક અચલનો ઉપયોગ થાય છે.

**પ્રશ્નો :**

(1) તર્કશાસ્ત્રની પ્રાતીક ભાષામાં કયા પ્રતીકોનો ઉપયોગ થાય છે ?

(2) વિધાનપરક અચલ કોને કહેવાય છે ?

(3) A,B,C,D વગેરે કેપિટલ અક્ષરોને શું કહેવાય છે ?

42. A,B,C એ વિધાનોને સત્ય (T) અને X,Y,Z એ વિધાનોને અસત્ય (F) માનીને નીચે આપેલ જટિલ સંયુક્ત વિધાનની આકૃતિ દોરો.

- (AVX) & ~ (XVZ)

43. નીચે આપેલા જટિલ સંયુક્ત વિધાન માટેનો સત્યતા કોષ્ટક રચો અને તેની સમજૂતી આપો.

- AV ~ A

44. નીચે આપેલા પ્રશ્નો તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા કે મૂલ્યમીમાંસાના છે તે જણાવો.

(1) માનવજીવનનું અંતિમ ધ્યેય શું છે ?

(2) જ્ઞાનનું મૂલ્ય શું છે ?

(3) જગતનું સ્વરૂપ કેવું છે ?

45. ન્યાય જૈન અને બૌદ્ધ દર્શનના પ્રણેતાના નામ લખો.

46. સત્વગુણનાં લક્ષણોની સમજૂતી આપો.

47. જીવાત્માનું માનસિક સ્વરૂપ સમજાવો.

48. ઈશ્વરના તાત્ત્વિક ગુણધર્મો જણાવો.

## વિભાગ : E

- **નીચે આપેલા પ્રશ્નક્રમાંક 49 થી 53 સુધીના કોઈપણ ત્રણ (03) પ્રશ્નોના જવાબ સવિસ્તાર લખો : (દરેક પ્રશ્નના 5 ગુણ છે)** **[15]**

49. નિગમનલક્ષી અને વ્યાપ્તિલક્ષી દલીલ એટલે શું ? તેમના વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

**50.** નિરૂપાધિક વિધાનના ચાર પ્રકારોની આકૃતિ દ્વારા સમજૂતી આપો.

**51.** વિકલ્પન એટલે શું ? તેનું ઉદાહરણ, પ્રાતીક રજૂઆત, રૂપ અને સત્યતામૂલ્યના નિયમો સત્યતાકોષ્ટક દ્વારા સમજાવો.

**52.** જો A અને B સત્ય હોય અને P અન Q અસત્ય હોય તો નીચેના જટિલ સંયુક્ત વિધાનની આકૃતિ દોરી તે આકૃતિ સત્યતા કોષ્ટકની કઈ હરોળમાં સમાવેશ પામે છે. તે સત્યતા કોષ્ટક રચીને દર્શાવો.

$(A \rightarrow B) \vee \sim B$

**53. નીચે આપેલા ફકરા પરથી માંગ્યા મુજબ પ્રશ્નોના જવાબ આપો. (કેસસ્ટડી આધારિત પ્રશ્ન)**

ભારતીય દર્શનમાં ત્રણ અવૈદિક અને છ વૈદિક એમ કુલનવ દર્શનો છે. ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શન એ અવૈદિક દર્શનો છે. જ્યારે ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા એ વૈદિક દર્શનો છે. યોગ ભારતે વિશ્વને આપેલું અમૂલ્ય નજરાણું છે. યોગ દર્શનના પ્રણેતા મહર્ષિ પતંજલિ છે. યોગદર્શન અનુસાર બાહ્ય અને આંતરિક જગતનું જ્ઞાન આપનારી વૃત્તિઓને ચિત્તવૃતિ કહે છે. મહર્ષિ પતંજલિ યોગની વ્યાખ્યા સમજાવતાં કહે છે કે, "યોગ એ ચિત્તવૃત્તિનો નિરોધ છે." ચિત્તવૃત્તિના નિરોધ માટે આઠ પગથિયા (અંગો) છે. જેમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ છે. આથી તેને અષ્ટાંગયોગ પણ કહે છે. યોગની જીવનદષ્ટિ સમગ્ર વિશ્વમાં આવકારવામાં આવી છે. આથી જ યુનોની સામાન્ય સભાએ પ્રતિવવર્ષ 21મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કર્યું છે.

**પ્રશ્નો :**

(1) ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનોને અવૈદિક દર્શન શા માટે કહે છે ?

(2) યોગના આઠ અંગોના નામ આપો અને અંતરંગો અને બર્હિઅંગો જણાવો.

(3) વૈદિક દર્શન એટલે શું ? તેના નામ જણાવો.

(4) ચિત્તવૃત્તિ દ્વારા કયા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ?

(5) આંતરાષ્ટ્રીય યોગદિવસ ક્યારે અને શા માટે ઉજવવામાં આવે છે ?

## શૈક્ષણિક વર્ષ 2024-25

## Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

**ધોરણ - 11** **વિષય : તત્ત્વજ્ઞાન**

### SECTION-A

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|---|
| 1 | દલીલમાં આધાર વિધાનની સંખ્યા કેટલી હોય છે ?<br>(A) એક (B) બે (C) એક કે તેથી વધુ (D) એક કરતા વધુ | 1 | વિવેચનાત્મક વિચારણા અને સમસ્યાનું સમાધાન | PH11103 | અનુમાન-દલીલનું સ્વરૂપ સમજી દલીલમાં આધારવિધાન અને ફલિત વિધાનને ઓળખતા શીખશે. |
| 2 | ધોરણ-10 નું પરિણામ આવતા "વિદ્યાર્થી મનોમંથન કરે છે કે મારે કઈ શાખામાં પ્રવેશ મેળવવો જોઈએ ? આ પ્રશ્નમાં કઈ માનસિક ક્રિયાનો સમાવેશ થાય છે.<br>(A) આધાર વિધાન (B) વિચારણા<br>(C) તાર્કિક વિચારણા (D) ફલિતવિધાન | 1 | વિવેચનાત્મક વિચારણા અને સમસ્યાનું સમાધાન. | PH11101 | તર્કશાસ્ત્રનો અભ્યાસ વિષય સમજી તર્કશાસ્ત્રની સંકલ્પના અને તાર્કિક વિચારણાનું સ્વરૂપ સમજશે. |
| 3 | 'ગાંધીજી રાષ્ટ્રપિતા છે' - આ કેવા પ્રકારનું વિધાન છે.<br>(A) ના (B) ન (C) હ (D) હા | 1 | લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ | PH11109 | નિરૂપાધિક વિધાનના પ્રકારોનું જ્ઞાન મેળવી તેને ઓળખતા શીખશે. |
| 4 | માન્યરૂપવાળા નિરૂપાધિક વિધાનની રજૂઆતનો સાચો ક્રમ જણાવો.<br>(A) ઉદ્દેશ્યપદ, વિધેયપદ, સંયોજક ઈયત્તા<br>(B) સંયોજક, વિધેયપદ, ઉદ્દેશ્યપદ ઈયત્તા<br>(C) ઈયત્તા, ઉદ્દેશ્યપદ, વિધેયપદ સંયોજક<br>(D) ઈયત્તા, સંયોજક, વિધેયપદ ઉદ્દેશ્યપદ | 1 | સંશોધન અને તપાસ આધારીત શિક્ષણ. | PH11109 | નિરૂપાધિક વિધાનના પ્રકારોનું જ્ઞાન મેળવી તેને ઓળખતા શીખશે. |
| 6 | નીચેનામાંથી કયું જોડકું આશ્રયાશ્રિત વિધાનનું નથી ?<br>(A) હા-હ (B) ના - હા (C) હ - હા (D) ન-ના | 1 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | PH11113 | વિરોધાશ્રિત અનુમાન અને તેના પ્રકારો આશ્રયાશ્રિત વિરોધ, અંશવિરોધ, ઉપવિરોધ અને પૂર્ણવિરોધ વિશે સમજ કેળવશે અને વિરોધી વિધાનો બનાવતા શીખશે. |



F:\GSEB\2024\Adhyan Nispati Std.11 Logic (136)

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|---|
| 8 | ".....ને વસ્તુગત રીતે સમમૂલ્ય ...." એ વિધાનનું વાચક પ્રતીક શું છે ?<br>(A) '$\rightarrow$' (B) '$\leftrightarrow$' (C) '&' (D) '~' | 1 | લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ | PHI 1119 | સંયુક્ત વિધાનોના પ્રકારો વિશે સમજ મેળવી પાંચ પ્રકારના સંયુક્ત વિધાનોનું લક્ષણ ઉદાહરણ અને પ્રતીક રજુઆત સત્યતા મૂલ્યના નિયમો અને સત્યતાં કોષ્ટકની સમજૂતી મેળવશે. |
| 9 | 'PV ~ P'ના સત્યતા કોષ્ટકમાં કેટલા આદ્યસ્તંભો આવે છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) એક | 1 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | PHI 1124 | જટિલ સંયુક્ત વિધાનના સત્યતા કોષ્ટક રચી સત્યતા મૂલ્ય નક્કી કરવાની રીત શીખશે અને વિધાનોનું સત્યતા મૂલ્ય નક્કી કરે છે. |
| 11 | નીચેનામાંથી કયું દર્શન અનુમાન પ્રમાણને સ્વીકારતું નથી.<br>(A) ન્યાદર્શન (B) બૌદ્ધ (C) ચાર્વાક (D) સાંખ્ય | 1 | લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ | PHI 1133 | ભારતીય દર્શની - છ વૈદિક દર્શનો - ન્યાય વૈશેદ્ધિ સાંખ્યાયોગ, પૂર્વમીમાંસા અને ઉત્તર મીમાસા અને ૩ બણ) વૈદિક દર્શની જૈન, બૌદ્ધ અને ચાવા એસ કુલ ૯(નવ) દર્શનો વિશે માહિતી મેળવશે. |
| 14 | 'રાજુ સવારે ઊઠીને તેના માતા-પિતાને વંદન કરે છે. આ કયા પ્રકારનું કર્મ છે.<br>(A) કાયિક (B) વાચિક (C) માનસિક (D) વૈચારિક | 1 | નૈતિક અને બંધારાણીય મૂલ્યો | PHI 1142 | જીવાત્મોનું નૈતિક સ્વરૂપ વિશે સમજ મેળવી કાયિક, વાચિક અને માનસિક કર્મ વિશે જ્ઞાન પ્રાપ્ત કરી તેવા પ્રકારનાં કર્મોને જીવનમાં સ્થાન આપુવં તેની સમજ કેળવશે. |
| 15 | જગતના પ્રત્યેક જીવનું અંતિમ લક્ષ્ય કયું છે ?<br>(A) ધર્મ (B) કામ (C) અર્થ (D) મોક્ષ | 1 | લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ | PHI 1143 | જીવાત્માના મૂળ સ્વરૂપનું અને જીવાત્માનું પરમાત્મા સાથેના સંબંધનું જ્ઞાન મેળવશે. |

## SECTION-B

| | | | | | |
|---|---|---|---|---|---|
| 17 | હિના હોશિયાર વિદ્યાર્થિની છે. કારણ કે હિના એસ.એસ.સી. બોર્ડમાં પ્રથમ નંબરે પાસ થઈ છે. આ દલીલમાં ફલિત વિધાન ઓળખાવો. | 1 | સંશોધન અને તપાસ આધારીત શિક્ષણ | PHI 1103 | અનુમાન-દલીલનું સ્વરૂપ સમજી દલીલમાં આધાર-વિધાન અને ફલિત વિધાનને ઓળખતા શીકશે. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|---|
| 19 | અર્વાચીન તર્કશાસ્ત્રને પ્રાતિક તર્કશાસ્ત્ર શા માટે કહેવામાં આવે છે ? | 1 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | PHI 1115 | સર્વાચીન વર્કશાસ્ત્રમાં પ્રવિકોનું મહત્ત્વ સમજી ભાષાની સંદિગ્ધતા નિવારી શકશે અને દલિલોની સ્પષ્ટ અને સંક્ષિપ્ત રજૂઆત કરતા શીખશે. |
| 20 | $\sim A \rightarrow \sim B$ નાં સત્યતા કોષ્ટકમાં કેટલી હરોળ હોય છે ? | 1 | સંશોધન અને તપાસ આધારીત શિક્ષણ | PHI 1124 | જટિલ સંયુક્ત વિધાનના સત્પતા કોષ્ટક રચી સત્યતા મૂલ્ય નક્કી કરવાની રીતે શીખશે અને વિધાનોનું સત્યતામૂલ્ય નક્કી કરશે. |
| 21 | "અણુ સ્વંય ગતિશીલ છે કે તેની ગતિ પૂર્વ નિશ્ચત છે ?" આ પ્રશ્ન વિજ્ઞાનનો છે કે તત્ત્વજ્ઞાનનો તે જણાવો. | 1 | સંશોધન અને તપાસ આધારીત શિક્ષણ | PHI 1129 | તત્વજ્ઞાનનું અન્ય શાસ્ત્રો સોતના સંબંધનું મૂલ્યાંકન કરતા શીખશે અને અન્ય શાસ્ત્રોના અભ્યાસ માટે તત્વજ્ઞાનનું મહત્ત્વ જાણશે. |
| 23 | પ્રકાશ અને જ્ઞાનનો ઉદય થાય છે ત્યારે કયા ગુણની વૃદ્ધિ થાય છે ? | 1 | નૈતિક અને બંધારણીય મૂલ્યો | PHI 1136 | પ્રકૃતિના ત્રણ ગુણો સત્ત્વ, રજસ અને તમસ વિશે માહિતી મેળવી તેના સ્વરૂપનું જ્ઞાન મેળવશે. |
| **SECTION-C** | | | | | |
| 25 | નીચે આપેલ દલીલનું રૂપ જણાવી તેનું પ્રામાણ્ય લખો.<br>1. સર્વે ફળો તાજા છે.<br>2. સર્વે ફૂલો તાજા છે<br>∴ સર્વે ફૂલો ફળો છે. | 2 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | PHI 1105 | દલીલના રૂપના આધારે પ્રમાણભૂત અને અપ્રમાણભૂત દલીલ વચ્ચેનો ભેદ સમજી શકશે. |
| 31 | નીચે આપેલા સંયુક્ત વિધાનનો પ્રકાર ઓળખી પ્રાતીક રજૂઆત કરો.<br>જો તમે સારું ભણશો તો તમને સારી નોકરી મળશે. | 2 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | PHI 1119 | સંયુક્ત વિધાનોના પ્રકારો વિશે સમજ મેળવી પાંચ પ્રકારના સંયુક્ત વિધાનોનું લક્ષણ ઉદાહરણ અને પ્રાતિક રજૂઆત સત્યતા મૂલ્યના નિયમો અને સત્પતા કોષ્ટકની સમજુતી. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|---|
| 34 | બૌદ્ધ દર્શન કયા ચાર આર્યસત્યો સ્વીકારે છે ? | 2 | નૈતિક અને બંધારણીય મૂલ્યો | PHI 1133 | ભારતીય દર્શનો - છ વૈદિક દર્શનો-ન્યાય, વૈશેષિક, સાંખ્ય, યોગ, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા અને ત્રણ અવૈદિક દર્શનો જૈન, બૌદ્ધ, અને ચાર્વાક એમ કુલ ૯(નવ) દર્શનો વિશે માહિતી મેળવશે. |
| 36 | વાચિક કર્મ કોને કહેવાય ? તેના ઉદાહરણ આપો. | 2 | નૈતિક અને બંધારણીય મૂલ્યો | PHI 1142 | જીવાત્માનું નૈતિક સ્વરૂપ વિશે સમજ મેળવી કાયિક, વાચિક અને માનસિક કર્મ વિશે જ્ઞાન પ્રાપ્ત કરી કેવા પ્રકારના કર્મોને જીવનમા સ્થાન આપવું તેની સમજ કેળવશે. |
| | **SECTION-D** | | | | |
| 39 | નીચે આપેલ પ્રત્યેક દલીલનું આધાર વિધાન અને ફલિતવિધાન ઓળખો.<br>1. (i) આધુનિક યુગમાં વાહનોનો બેફામ ઉપયોગ થાય છેપરિણામે (ii) પર્યાવરણ પ્રદૂષિત<br>2. (i) દરિયામાં ભરતી આવશે. કારણ કે (ii) આજે પૂનમ છે<br>3. (i) આજે વરસાદ આવશે. કેમ કે (ii) આકાશમાં એ પ્રકારના વાદળો છે. | 1 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | PHI 1103 | અનુમાન-દલીલનું સ્વરૂપ સમજી દલીલમાં આધાર વિધાન અને ફલિત વિધાનને ઓળખતા શીખશે. |
| 42 | A,B,C, એ વિધાનોને સત્ય (T) અને XYZએ વિધાનોને અસત્ય (F) માનીને નીચે આપેલા જટિલ સંયુક્ત વિધાનની આકૃતિ દોરો.<br>(AVX) & ~ (XYZ) | 1 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | PHI 1123 | જટિલ સંયુક્ત વિધાનની આકૃતિ રચી સત્યતા મૂલ્ય નક્કી કરવાની રીત શીખશે અને વિધાનોનું સત્યતામૂલ્ય નક્કી કરશે. |
| 43 | નીચે આપેલા જટિલ સંયુક્ત વિધાન માટેનો સત્યતા કોષ્ટક રચો અને તેની સમજૂતી આપો. AV ~ A | 3 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | PHI 1124 | જટિલ સંયુક્ત વિધાનના સત્યતા કોષ્ટક રચી સત્યતામૂલ્ય નક્કી કરવાની રીત શીખશે અને વિધાનોનું સત્યતામૂલ્ય નક્કી કરશે. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency (ક્ષમતા) | | Learning Outcome (અધ્યયન નિષ્પતિ) |
|---|---|---|---|---|---|
| 44 | નીચે આપેલા પ્રશ્નો તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા મૂલ્યમીમાંસાના છે તે જણાવો.<br>(1) માનવજીવનનું અંતિમ ધ્યેય શું છે ?<br>(2) જ્ઞાનનું મુલ્ય શું છે ?<br>(3) જગતનું સ્વરૂપ કેવું છે ? | 2 | લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ | PHI 1128 | તત્ત્વજ્ઞાનના વિષયવસ્તુ વિશે માહિતી મેળવી તત્ત્વજ્ઞાનની મૂળભૂત શાખાઓ-તત્ત્વમીમાંસા અને મૂલ્યમીમાંસા વિશે અભ્યાસ કરશે. |
| **SECTION-E** | | | | | |
| 53 | (કેસ-સ્ટડી આધારિત પ્રશ્નો)<br>(1) ચાર્વાક, જૈન અને બૌદ્ધ દર્શનોને અવૈદિક દર્શન શા માટે કહે છે ?<br>(2) યોગના આઠ અંગોના નામ આપો અને અંતરંગો અને બહિરંગો જણાવો.<br>(3) વૈદિક દર્શન એટલે શું ? તેના નામ જણાવો.<br>(4) ચિત્તવૃત્તિ દ્વારા કયા પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય છે ?<br>(5) આંતરરાષ્ટ્રિય યોગદિવસ ક્યારે અને શા માટે ઉજવવામાં આવે છે ? | 1<br>1<br>1<br>1<br>1 | લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ<br>લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ<br>લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ<br>લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ<br>લવચીકતા અને વ્યક્તિગત શિક્ષણ | PHI 1133 | ભારતીય દર્શનો છ વૈદિક દર્શનો ન્યાય, વૈશિષિક સાંખ્ય, યોગ પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા અને ત્રણ અવૈદિક દર્શનો જૈન, બૌદ્ધ અને ચાર્વાક એમ કુલ ૯(નવ) દર્શનો વિશે માહિતી મેળવશે. |